Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp) 9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
SVH MEDINT
An ISO 9001 : 2015 Certified Company
Pan India Delivery

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

|| શ્રી ગણેશાય નમઃ ||

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS
Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૨ ● અંક : ૨૭ ● સળંગ અંક : ૧૧૧૫ ● પ્રકાશિત તા-૧૩-૫-૨૦૨૬,બુધવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪
તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

# પેટ્રોલ-ડીઝલના ભાવ વધવાના પેટ્રોલિયમ મંત્રીના સંકેત

**ભારત પાસે હાલમાં લગભગ ૬૦ દિવસ જેટલું ક્રૂડ ઓઈલ અને એલએનજીનું સ્ટોક ઉપલબ્ધ, જ્યારે જ્યારે એલપીજીનો ૪૫ દિવસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ : પેટ્રોલિયમ મંત્રી**

નવી દિલ્હી : ૧૨ મેના રોજ યોજાયેલી CII વાર્ષિક વ્યાપાર સમિટ ૨૦૨૬ દરમિયાન હરદીપ સિંહ પુરીએ જણાવ્યું હતું કે દેશમાં ક્યાંય પણ પેટ્રોલ, ડીઝલ કે એલપીજીની અછત નથી. સરકારે એલપીજીનું દૈનિક ઉત્પાદન લગભગ ૩૫ હજાર ટનથી વધારીને ૫૫થી ૫૬ હજાર ટન સુધી પહોંચાડ્યું છે. તેમણે કહ્યું કે ભારત પાસે હાલમાં લગભગ ૬૦ દિવસ જેટલું ક્રૂડ ઓઈલ અને એલએનજીનું સ્ટોક ઉપલબ્ધ છે, જ્યારે એલપીજીનો ૪૫ દિવસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. પેટ્રોલિયમ મંત્રીએ કહ્યું કે સરકારે છેલ્લા ચાર વર્ષથી પેટ્રોલ અને ડીઝલ ના ભાવમાં વધારો કર્યો નથી. જોકે, તેમણે એ પણ સ્વીકાર્યું કે ભવિષ્યમાં ભાવ નહીં વધે એવી કોઈ ખાતરી નથી. હરદીપ સિંહ પુરીએ જણાવ્યું કે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ હાલમાં દરરોજ અંદાજે ૧,૦૦૦ કરોડનું નુકસાન ભોગવી રહી છે. કંપનીઓ પર કુલ ૧.૯૮ લાખ કરોડની અંડર-રિકવરી હોવાનું પણ તેમણે જણાવ્યું.

પેટ્રોલિયમ મંત્રી એ ચેતવણી આપી કે જો પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિ લાંબા સમય સુધી ચાલુ રહેશે, તો ભારત પર નાણાકીય દબાણ વધી શકે છે. આવી સ્થિતિમાં સરકાર અને ઓઈલ કંપનીઓને કઠિન નિર્ણયો લેવા પડી શકે છે. તેમણે કહ્યું કે સરકાર ગ્રાહકોને મોંઘવારીથી બચાવવા માટે જવાબદારીપૂર્વક પરિસ્થિતિ સંભાળી રહી છે અને દેશભરમાં ગેસ પુરવઠો સામાન્ય રીતે ચાલુ છે.

ADMISSION OPEN for JUNE 2026 (ધો-૧ થી ૧૨)
(Limited Seats Available)

ગુજરાતી માધ્યમ (માધ્યમિક વિભાગ)
હિન્દી માધ્યમ
લાયોનેસ કર્ણાવતી એમ.એચ.હિન્દી હાયર સેકન્ડરી સ્કુલ
પ્રવેશ માટે સંપર્ક કરો
ગણેશ કન્યા વિદ્યાલય
એમ.એચ.હિન્દી પ્રાઈમરી સ્કૂલ
મંગૂબા બાલવર્ગ
Ganesh Kanya Vidyalaya Campus, Nava Vadaj..
સંચાલકશ્રી ડો.અનિતાબેન પટેલ
કેમ્પસની એક મુલાકાત આપનો અભિગમ બદલી શકે છે.

આચાર્યશ્રી દિપકભાઈ પ્રેમજીભાઈ પટેલ
વધુ માહિતી માટે ઓફીસ ખાતે રૂબરૂ સંપર્ક આવકાર્ય છે (સવારે ૮ થી ૧૧)

નવા વાડજની એકમાત્ર અને સર્વશ્રેષ્ઠ હિન્દી માધ્યમની શાળા

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગ્નનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેકશન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીંગ કરી આપવામાં આવશે
● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે. અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-યંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-યંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે, સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં,નવા વાડજ, અમદાવાદ
M: 9978274760

હવેથી નવા સરનામે મળીશું

SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company
Costly Medicines & Injectables at LOW COST
● કેન્સર ● કીડની ● કીમોથેરાપી
● એચઆઈવી ● ન્યુરો ● લીવર
● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ● ઈમરજન્સી
● આઈસીયુ ● રૂમેટોલોજી ● ઓર્થો
● ટ્રાન્સપ્લાન્ટ ● ગેસ્ટ્રો ● લાઈફ સેવિંગ
● બ્લડ પ્રોડક્ટ ● દવાઓ અને ઈન્જેક્શન
● વેક્સીન
Pan India Delivery
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp) 9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
2°c to 8°c Cold Chain Maintenance
Fast Delivery
SCANE FOR LOCATION
૦૨, અંકુર સોસાયટી (વિભાગ-૧), GHB કોમ્પ્લેક્સની સામે, અંકુર ચાર રસ્તા પાસે, અંકુર, નારણપુરા,અમદાવાદ-૧૩.
9978661661, 9375047120

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## અમદાવાદીઓને ટ્રાફિકથી મળશે રાહત

# વાડજ રાણીપ ફલાયઓવર બ્રિજનું કામ અંતિમ તબક્કે..!!

અમદાવાદ : અમદાવાદમાં વકરી રહેલી ટ્રાફિક સમસ્યાને પહોંચી વળવા માટે મહાનગર પાલિકા દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. ત્યારે શહેરમાં વિકાસના કામો પણ પુર ઝડપે ચાલી રહ્યાં છે. અમદાવાદીઓને ટ્રાફિકની પળોજળમાંથી રાહત મળે તે માટે વાડજ અને રાણીપ ફલાયઓવર તૈયાર કરવામાં આવ્યો છે. આ ફલાયઓવર ટૂંક સમયમાં ખુલ્લો મુકવામાં આવશે.

અમદાવાદના વ્યસ્ત એવા વાડજ સર્કલ પર બની રહેલા ફલાયઓવરની કામગીરી હવે અંતિમ તબક્કામાં પહોંચી છે. તંત્ર દ્વારા મળતી માહિતી મુજબ, આ બ્રિજનું ૯૫ ટકા કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. વાડજ અને રાણીપને જોડતા આ બ્રિજનું કામ જે ગતિએ ચાલી રહ્યું છે તે જોતા આગામી ૨ મહિનામાં તેનું લોકાર્પણ કરી જનતા માટે ખુલ્લો મૂકવામાં આવે તેવી પ્રબળ શક્યતા છે.



મ્યુનિસિપલ કોર્પોરેશનના બ્રિજ ડિપાર્ટમેન્ટ દ્વારા વાડજ રાણીપ ફલાયઓવર બ્રિજ બનાવવામાં આવી રહ્યો છે. બ્રિજ વિભાગ દ્વારા આ અંગે જણાવવામાં આવ્યું હતું કે, "વાડજ રાણીપ બ્રિજ બનાવવાનું કામ ૨૦૨૦માં શરૂ થયું હતું. ૩૦ મહિનામાં આ બ્રિજને બનાવીને તૈયાર કરવાનો હતો, તે સમયે હવે પૂરો થશે. આ ફલાયઓવર ૭૩૫ મીટર લાંબો અને ૧૬ થી ૨૦ મીટર પહોળો છે.

આ બ્રિજના નિર્માણમાં રુ. ૧૦૬.૫૨ કરોડનું ખર્ચ કરવામાં આવ્યો છે. આ બ્રિજની કામગીરી પૂર્ણ થવાના અંતિમ તબક્કામાં છે અને ટૂંક સમયમાં ખુલ્લો મુકવામાં આવશે." આ ફલાયઓવર બ્રિજ હવે પૂર્ણતાના આરે છે. આ બ્રિજ બની જશે તો વાહનચાલકોને બહુ જ મોટો ફાયદો થશે. વાહનચાલકોને ત્રણ અલગ અલગ સિગ્નલો પર ઉભું રેહવાની જરુર નહી રહે, જેથી લોકો ફટાફટ રાણીપ પહોંચી શકશે, ટ્રાફિકની સમસ્યાથી પણ લોકોને રાહત મળશે.

એક અંદાજ મુજબ, વાડજ સર્કલ પરથી રોજ પસાર થતા આશરે ૧ લાખ જેટલા વાહનચાલકોને આ નવા ફલાયઓવરનો સીધો ફાયદો મળશે. શહેરના પશ્ચિમ વિસ્તારને જોડતી આ કનેક્ટિવિટી વધુ મજબૂત બનશે અને વાહન વ્યવહાર વધુ સુગમ બનશે.

## મ્યુનિ.એ વધુ ૭૦૦ લોક વસાવ્યા

# અમદાવાદીઓ રોડ-ફૂટપાથ ઉપર વાહન પાર્ક કરતાં ચેતજો

અમદાવાદ : શહેરમાં વધેલા વાહનોને પગલે તમામ વિસ્તારોમાં પાર્કીંગની ગંભીર સમસ્યા સર્જાઈ છે. અને નાગરીકોને રોડ-ફુટપાથ પર વાહન પાર્ક કરવાની ફરજ પડી રહી છે. તેવાસંજોગોમાં મ્યુનિ. સત્તાધીશોએ ટ્રાફીકજામ અને પાર્કીગની સમસ્યા હલ કરવા માટે જયાં ત્યાં પાર્ક થયેલાં વાહનોને લોક મારી દંડ વસુલ કરવા માટે નવા ૭૦૦ લોક ખરીધા હોવાનું જાણવા મળ્યું છે. મ્યુનિ.સુત્રોના જણાવ્યા અનુસાર શહેરનાં તમામ જાહેર માર્ગો પર જ કોર્મશીયલ કોમ્પલેક્ષ મિકસલડેવલપમેન્ટ અને દુકાને આવેલી છે. જયાં ખરીદી માટે કે અન્ય કામ માટે આવતો નાગરીકોને પાર્કીગ માટે જગ્યા ન મળે એટલે તેઓ રોડ પર કે ફુટપાથ પર વાહન પાર્ક કરતા હોય છે. તેના કારણે વાહનવ્યવહારનો તથા રાહદારીઓને અસર થતી હોય છે. જોકે, શહેરમાં રોડ પર કે ફુટપાથ પર પાર્ક થતાં દ્વિચક્રી વાહનોને ટ્રાફીક પોલીસ ટોઈગ કરી જતી હોય છે. અને કાર જેવા વાહનોને લોક મારતી હોય છે. આ સાથે આ જવાબદારી મ્યુનિ. એસ્ટેટ ખાતાએ પણ સાંભળી લીધી છે. અને એસ્ટેટ ખાતાની ટીમો પણ જુદાજુદા ઝોનમાં વોર્ડ વિસ્તારમાં ફરીને રોડ-ફુટપાથ પર પાર્ક થયેલા કાર જેવા વાહનોએ લોક મારી રહી છે. આટલુંઓછું હોય તેમ જેટ ટીમો પણ કાર્યરત કરી દેવાઈ છે. મ્યુનિ.સુત્રોએ સ્વીકાર્યું હતુંકે, શહેરમાં જે રીતે વાહનોની સંખ્યામાં સતત વધારો થઈ રહયો છે. તેને જોતાં પાકિર્ગની સુવિધા અપર્યાપ્ત પુરવાર થઈ રહી છે.ઈ તેમ છતાં મ્યુનિ.એ. જુદાજુદા વિસ્તારોમાં મોટા કરોડો શરૂપિયાના પ્લોટ વાહન પાર્કીગમાટે ફાળવ્યા છે. જેનો ઉપયોગ આસપાસની ઓફીસો કે કોમ્પલેક્ષમાં કે બજારમાં કલાકો સુધી બેસતાં વાહનચાલકો કરી રહયાં છે. પરંતુ મોટી સમસ્યા રોજબરોજ જુદીજુદી ચીજવસ્તુઓ ખરીદવા આવતાં નાગરીકોને હોય છે. તેમને કોમ્પલેક્ષમાં કે બજારમાં પાર્કીગ મળે નહી એટલે રોડ કે ફુટપાથ પર વાહન પાર્ક કરી ખરીદી કરવા જતાં હોય છે. અને આવા વાહનોને ટ્રાફીક પોલીસ કે મ્યુનિ. એસ્ટેટ ખાતાની ટીમ લોક મારી દંડ વસુલ કરવાની કામગીરી કરી રહી છે. મ્યુનિ. એસ્ટેટ ખાતાની સાત ઝોનની ટીમો પાસે અત્યાર સુધી ફકત ૩૦૦ જેટલા લોકો હતા. તેથી કમીશ્નરની સુચનાથી નવા ૭૦૦ લોક ખરીદવામાં આવ્યા છે. અને તે સાથે સાત ઝોન વચ્ચે કુલ ૧૦૦૦ જેટલા વ્હીકલ લોક વસાવવામાં આવ્યા છે. અને ઉત્તર પશ્ચિમ જેવા ઝોનમાં વધુ લોક આપવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. એટલું જ નહી. સાત ઝોનની ટીમોએ દરરોજ એક હજાર જેટલાં વાહનોને લોક મારી દંડ વસુલ કરવાનો લક્ષ્યાંક પણ અપાયો હોવાનું કહેવાઈ રહયું છે.

## સાબરમતી રિવરફ્રન્ટ પર નવેમ્બરમાં ઈન્ટરનેશનલ બૂક ફેસ્ટિવલ યોજાશે

અમદાવાદ : શહેરના પ્રબુદ્ધ અને સાહિત્યરસિક નાગરીકો જેની આતુરતાથી રાહ જોતાં હોય છે તેવા અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટીવલનું નવેમ્બરમાં રીવરફ્રન્ટ ખાતે આયોજન કરવાની તડામાર તૈયારીઓ અત્યારથી હાથ ધરી દેવાઈ છે.અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટીવલના આયોજનની જવાબદારી સંભાળતા સીનીયર આસીસ્ટન્ટ કમીશ્નર તેજસ ભંડારીએ જણાવ્યું હતું કે, અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટીવલના આયોજનથી શહેરની આગવી પ્રતીષ્ઠામાં વધારો થયો છે. અને તેની સફળતાને જોઈ કેન્દ્ર સરકાર શિક્ષણ મંત્રાલય હસ્તકના નેશન્સ બુક ટ્રસ્ટે પણ સહયોગ આપવાનું શરૂ કર્યું છે. આગામી બુક ફેસ્ટીવલનું આયોજન રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે કરવામાં આવશે અને ૨૧મી નવેમ્બરથી શરૂ થનાર બુક ફેસ્ટીવલમાં અનેકવીધ સાહીત્ય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ યોજવામાં આવશે. તેમણે કહયું કે, બુક ફેસ્ટીવલના આયોજન થકી યુવાનોમાં વાંચન લેખન અને વકતૃત્વ કથાનું સિંચન થાય તેવો ઈરાદો રાખવામાં આવે છે અને તેના માટે શહેરની તમામ શાળા કોલેજોને બુક ફેસ્ટીવલ વિધાર્થીઓને મોકલવા માટે જાણ કરવામાંઆવશે. બુક ફેસ્ટીવલમાં ચિલ્ડ્રન એકિટવીટી કલ્ચરલ એકિટવીટી કરાવવામાં આવશે.


શું આપ આપના બાળકને
ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.

ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

ઉત્તરાયણ નિમિત્તે ઉંધીયુ અને જલેબી મળશે

વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
૨૦ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ચીકી, લીલવાની કચોરી, તલના લાડુ અને મમરાના લાડુ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૯૧૭

100% PURE VEG
PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫

અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.


NIRMAN REALTY
Looking to Redevelop Your Building?
Trust the Experts at Nirman Realty!
Transparent deal
Expert team
10+ years experience in redevelopment
Associated with well-known & experienced developers
Good knowledge about legality & land revenue
Other service :
Land
Jv Project
Property
nirmanrealty
Nirman Realty
https://nirmanrealty.in
MEMBERS OF
ARA NAR Registered in : RERA
For any query & inquiry
+91 9601772777


## હાઉસિંગ બોર્ડના રહીશો માટે રાહતના સમાચાર

# હાઉસિંગ બોર્ડની કોલોનીઓને "ફ્રી હોલ્ડ" દરજ્જો મળવાની શક્યતા...!

### નવી નીતિ અમલમાં આવશે તો રહેવાસીઓને તેમની મિલ્કત પર સંપૂર્ણ કાયદેસર માલિકી મળશે, આ બદલાવથી ઘર વેચવા, ટ્રાન્સફર કરવા, બેંક લોન મેળવવા અને રીડેવલપમેન્ટ જેવી પ્રક્રિયાઓ સરળ બનશે

MIRCHI NEWS EXCLUSIVE MIRCHI NEWS

અમદાવાદ : ગુજરાત સરકાર નવી શહેરી આવાસ નીતિ પર કામ કરી રહી છે, જેમાં અનેક મહત્વના ફેરફારો થવાની શક્યતા છે.જે મુજબ, ગુજરાત હાઉસિંગ બોર્ડ અને અન્ય ઓથોરીટીઓની કોલોનીઓને "ફ્રીહોલ્ડ" દરજ્જો મળી શકે છે.
હાલમાં આ મિલ્કતો "લીઝહોલ્ડ" આધારિત છે, એટલે રહેવાસીઓ પાસે સંપૂર્ણ માલિકી હક નથી.
૧૦ વર્ષ પછી સુધારેલ નીતિ, પ્રકૃતિમાં વધુ ઉદાર હશે અને જૂની હાઉસિંગ બોર્ડ વસાહતો, સ્થાનિક અથવા રાજ્ય સત્તાવાળાઓ અને જૂની ખાનગી સોસાયટીઓ દ્વારા બાંધવામાં આવેલી કોલોનીઓના રીડેવલપમેન્ટ દ્વારા પોસાય તેવા આવાસને પ્રોત્સાહન આપવાનો પાયો નાખશે. હાલમાં શહેરી વિકાસ અને શહેરી આવાસ વિભાગ દ્વારા વિકસાવવામાં આવી રહેલી નીતિને ટૂંક સમયમાં જ સૂચિત કરવામાં આવે તેવી અપેક્ષા છે.
નવી પોલિસી હાઉસિંગ બોર્ડ અથવા ઓથોરિટીના સભ્યોને વધુ ટ્રાન્સફરપાત્ર અથવા વેચાણ અધિકારો આપશે. હાલમાં, તમામ હાઉસિંગ બોર્ડ વસાહતો ૯૯-વર્ષના લીઝ સમયગાળા પર છે, જે તેમના વેચાણ અથવા ટ્રાન્સફરને પ્રતિબંધિત બનાવે છે. એકવાર સરકાર તેમને ફ્રી હોલ્ડ બનાવવાનો નિર્ણય લે, મિલકત ધારકો તેમની મિલકતોનો રીડેવલપમેન્ટ માટે પણ સરળતાથી નિકાલ કરી શકશે.
રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સને વધુ આકર્ષક બનાવવા માટે સરકારનો ધ્યેય 3+ ફ્લોર સ્પેસ ઈન્ડેક્સ (FSI) ઓફર કરવાનો છે. વિકાસકર્તાઓને વધુ જમીન મળશે અને મૂળ રહેવાસીઓને ફાળવણી બાદ વધુ એપાર્ટમેન્ટ વેચીને કમાણી કરવાનો વિકલ્પ મળશે. નામ જાહેર ન કરવા માંગતા અધિકારીઓએ જણાવ્યું કે, સરકાર હાઉસિંગ પ્રોજેક્ટને ફંડ આપવા માટે કોમર્શિયલ ડેવલપમેન્ટ માટે ડેવલપરને વધુ ખુલ્લી જમીન આપવાની ઓફર કરી શકે છે.
પોલિસી પાછળનો એક ઉદ્દેશ્ય એ છે કે સારા એવા વિસ્તારોમાં નવા ખરીદદારો માટે ખર્ચ-અસરકારક ઘરો માટે જગ્યા બનાવી શકાય જયાં અન્ય મિલકતોની કિંમતો તુલનાત્મક રીતે ઊંચી હોય. એવી ચર્ચા છે કે વિકાસ નિયમો પણ તમામ સરકારી-ઓથોરિટી સંચાલિત અથવા ખાનગી હાઉસિંગ સોસાયટીઓ માટે હળવા બનાવે છે, સૂત્રોએ ઉમેર્યું.
સરકાર માને છે કે ફ્રી હોલ્ડ સિસ્ટમથી હાઉસિંગ બોર્ડની જૂની કોલોનીઓના પુનર્વિકાસને પણ ગતિ મળશે અને મિલકતોની બજાર કિંમતમાં વધારો થઈ શકે છે. આ નીતિ હજી વિચારાધીન છે અને તેની અંતિમ જાહેરાત તથા અમલની વિગતો ટૂંક સમયમાં જાહેર થઈ શકે છે.

## ગુજરાતની નવી અર્બન હાઉસિંગ પોલિસી

# "ફ્રી હોલ્ડ" કઈ રીતે લાગુ કરી શકે છે...??




અમદાવાદઃ ગુજરાત સરકાર રાજ્ય માટે નવી અર્બન હાઉસિંગ પોલિસી તૈયાર કરી રહી છે, જેમાં જૂની હાઉસિંગ બોર્ડ તથા સરકારી સત્તામંડળોની કોલોનીઓને "ફ્રી હોલ્ડ" કરવાનો મહત્વપૂર્ણ પ્રસ્તાવ ચર્ચામાં છે. રિયલ એસ્ટેટ અને અર્બન ડેવલપમેન્ટ ક્ષેત્રના નિષ્ણાતો આ પોલિસીને રાજ્યના શહેરી વિકાસ માટે "સ્ટ્રક્ચરલ રિફોર્મ" તરીકે જોવી રહ્યા છે.
હાલમાં રાજ્યની અનેક જૂની કોલોનીઓ ૯૯ વર્ષની લીઝ હોલ્ડ પદ્ધતિ હેઠળ આવે છે, જેના કારણે મિલ્કતના વેચાણ, બેંક લોન, વારસાગત હક અને રીડેવલપમેન્ટ પ્રક્રિયામાં મુશ્કેલીઓ ઊભી થાય છે. નવી પોલિસી અંતર્ગત સરકાર લીસ હોલ્ડ મિલ્કતોને ફ્રી હોલ્ડમાં પરિવર્તિત કરવાની યોજના પર વિચાર કરી રહી છે.
હાઉસિંગ બાબતોના જાણકારના મતે સરકાર "લીઝ હોલ્ડ ટુ ફ્રી હોલ્ડ કન્વર્શન સ્કીમ" અમલમાં મૂકી શકે છે. આ મોડેલ હેઠળ રહેવાસીઓ પાસેથી એક વખત કન્વર્શન ફી લેવામાં આવશે અને ત્યારબાદ તેમને સંપૂર્ણ માલિકીનો ફ્રી હોલ્ડ સર્ટિફિકેટ આપવામાં આવશે. સરકાર દ્વારા સંપુર્ણ પણે ફ્રી હોલ્ડ કરે તેવી શક્યતા ઓછી છે.
આ ઉપરાંત સરકાર નવી અર્બન હાઉસિંગ પોલિસીમાં વિવિધ ઓપ્શન રાખી શકે છે, જેમાં વર્તમાન હાઉસિંગ પોલીસી મુજબ રીડેવલપમેન્ટ બાદ જ ફ્રી હોલ્ટનો ઓપ્શન, નવી પોલીસી કે જેમાં પ્રિમિયમ ભર્યા બાદ ફ્રી હોલ્ટનો ઓપ્શન આપી શકે છે.આ ઉપરાંત સરકાર જંત્રી વેલ્યુ આધારિત વન ટાઈમ ચાર્જ નક્કી કરી શકે છે.
ઉપરાંત LIG અને EWS વર્ગ માટે ખાસ ઘટાડેલા દરો પણ લાવવામાં આવી શકે છે. પ્રક્રિયાને સરળ બનાવવા ઓનલાઇન અરજી અને ડિજિટલ વેરિફિકેશન સિસ્ટમ પણ અમલમાં આવી શકે છે.
અર્બન પ્લાનિંગ નિષ્ણાતોના જણાવ્યા મુજબ ફ્રી હોલ્ડ બાદ મિલ્કતના ટાઈટલ સ્પષ્ટ બનશે, જેથી રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ ઝડપથી આગળ વધી શકશે.

## માત્ર ૫ મહિનામાં ૭૫% થી વધુ સભ્યોની સંમતિ સાથે દસ્તાવેજો જમા

# નારણપુરાના ઉદય એપાર્ટમેન્ટમાં રી-ડેવલપમેન્ટ પ્રક્રિયા તેજ..!

અમદાવાદ : શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલ ૩૫૨ એમ.આઈ.જી. ઉદય એપાર્ટમેન્ટ, નારણપુરા ખાતે ગુજરાત હાઉસિંગ બોર્ડની રીડેવલપમેન્ટ પોલિસી અંતર્ગત રહેવાસીઓ દ્વારા મહત્વપૂર્ણ અને હકારાત્મક પહેલ કરવામાં આવી છે. ઉદય એપાર્ટમેન્ટ એસોસિએશન દ્વારા ટૂંકા ગાળામાં મોટી સંખ્યામાં રહેવાસીઓની સંમતિ મેળવી રી-ડેવલપમેન્ટ પ્રક્રિયાને ગતિ આપવામાં આવી છે.
મળતી માહિતી મુજબ, ઉદય એપાર્ટમેન્ટ એસોસિએશન દ્વારા માત્ર પાંચ મહિનાના સમયમાં ૩૫૨ સભ્યોમાંથી ૨૬૮થી વધુ સભ્યોની નોટરાઇઝ સંમતિ મેળવી ગુજરાત હાઉસિંગ બોર્ડની કચેરી ખાતે સત્તાવાર રીતે દસ્તાવેજો જમા કરાવવામાં આવ્યા છે. આ પ્રક્રિયામાં ૭૫ ટકાથી વધુ સભ્યોનો સહકાર મળ્યો હોવાનું જણાવાયું છે, જે રહેવાસીઓની એકતા અને વિકાસ પ્રત્યેની સકારાત્મક માનસિકતા દર્શાવે છે.
એસોસિએશનના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે, માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસલક્ષી અને જનહિતકારી રીડેવલપમેન્ટ નીતિને સમર્થન આપતાં તેઓ રહેવાસીઓના હિતને સર્વોપરી રાખીને આગળ પણ કાર્યરત રહેશે.
ઉદય એપાર્ટમેન્ટના રહેવાસીઓએ આશા વ્યક્ત કરી છે કે ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા રી-ડેવલપમેન્ટ પ્રક્રિયામાં ઝડપી અને હકારાત્મક નિર્ણય લેવામાં આવશે, જેથી રહેવાસીઓને આધુનિક સુવિધાઓથી સજ્જ, સુરક્ષિત અને સુવ્યવસ્થિત નિવાસ મળી શકે.
સ્થાનિકોનું માનવું છે કે રી-ડેવલપમેન્ટ યોજનાથી વિસ્તારમાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસશે તેમજ રહેવાસીઓના જીવનસ્તરમાં પણ નોંધપાત્ર સુધારો થશે.


Digital India Power To Empower
CSC e-Governance Services India Limited
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
ડ્રાઈવીંગ લાયસન્સ | ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
સ્માર્ટ કાર્ડ | GST રજીસ્ટ્રેશન | આધાર કાર્ડ | પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર | ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ | ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન | પાસપોર્ટ
લેમીનેશન | ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ | રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ | ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ | લાઈફ ઈન્શ્યુરન્સ | આયુષ્માન કાર્ડ | બેન્કીંગ સર્વિસ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430

SCના નિર્દેશ બાદ AMCનું કડક અમલીકરણ

# અમદાવાદમાં હવે ૪ પ્રકારનો કચરો અલગ આપવો ફરજિયાત

અમદાવાદ : પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય, ભારત સરકાર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૨૬ તેમજ નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા સિવિલ અપીલ નં. ૬૧૭૪/ ૨૦૨૩ માં તા. ૧૯/૦૨/ ૨૦૨૬ ના રોજ આપવામાં આવેલા મહત્વપૂર્ણ નિર્દેશોને અનુસરી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરભરમાં કચરા વ્યવસ્થાપન માટે નવી અને કડક માર્ગદર્શિકા અમલમાં મૂકવામાં આવી છે.

રિપોર્ટ મુજબ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરાયેલ આ નવી જોગવાઈઓ મુજબ હવે અમદાવાદ શહેરના તમામ ઝોન અને વોર્ડમાં આવેલા રહેણાંક તેમજ કોમર્શિયલ એકમોએ કચરાનું ૪ અલગ પ્રકારમાં સેગ્રીગેશન કરીને જ ડોર ટુ ડોર કલેક્શન વાહનોને આપવાનું રહેશે.નવી વ્યવસ્થા મુજબ ભીનો કચરો, સૂકો કચરો, સેનિટરી કચરો અને વિશેષ કાળજીનો કચરો અલગ અલગ રાખવો ફરજિયાત બનાવવામાં આવ્યો છે. ભીના કચરામાં રસોડાનો કચરો, ફળો અને શાકભાજીનો કચરો વગેરેનો સમાવેશ થાય છે.

જ્યારે સૂકા કચરામાં કાગળ, પ્લાસ્ટિક, કાચ અને ધાતુ જેવી વસ્તુઓનો સમાવેશ થાય છે. સેનિટરી કચરામાં વપરાયેલા ડાયપર, સેનિટરી પેડ્સ સહિતનો કચરો આવશે, જેને ઉત્પાદક દ્વારા આપવામાં આવેલી બેગ અથવા યોગ્ય કાગળમાં સુરક્ષિત રીતે લપેટીને અલગ આપવાનો રહેશે. ઉપરાંત જોખમી ઘરગથ્થુ કચરાને "વિશેષ કાળજીનો કચરો" તરીકે અલગ રાખવાની સૂચના આપવામાં આવી છે.

AMC દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે કચરો શેરીઓમાં, ખુલ્લી જગ્યાઓમાં, ગટરમાં અથવા જળાશયોમાં ફેંકવો, બાળવો કે દાટવો કાનૂની ગુનો ગણાશે. શહેરના તમામ રહેણાંક અને વેપારી એકમો માટે આ નિયમો ફરજિયાતપણે લાગુ પડશે. જો કોઈ એકમ દ્વારા ૪ પ્રકારના કચરાનું યોગ્ય રીતે સેગ્રીગેશન કરવામાં નહીં આવે અથવા નિયમોના અમલમાં બેદરકારી દાખવવામાં આવશે તો તે નામદાર સુપ્રીમ કોર્ટના આદેશની અવમાનના સમાન ગણાશે. આવી સ્થિતિમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૨૬ તેમજ લાગુ પડતા અન્ય પર્યાવરણીય કાયદાઓ હેઠળ કડક દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી શકે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાગરિકોને શહેરને વધુ સ્વચ્છ, સુવ્યવસ્થિત અને પર્યાવરણલક્ષી બનાવવા માટે આ અભિયાનમાં સક્રિય સહભાગી થવા અપીલ કરવામાં આવી છે. કોર્પોરેશનનું માનવું છે કે નાગરિકોના સહકારથી જ શહેરમાં સ્વચ્છતા અને સસ્ટેનેબલ વેસ્ટ મેનેજમેન્ટનું લક્ષ્ય હાંસલ કરી શકાશે."સ્વચ્છતા આપણાં સૌની ફરજ, સ્વચ્છતા આપણાં સૌનો અધિકાર" ના સંદેશ સાથે AMC દ્વારા શહેરવ્યાપી જાગૃતિ અભિયાન પણ હાથ ધરવામાં આવશે.

# પીએમની અપીલ બાદ શાળાઓમાં ઓનલાઈન વર્ગો શરૂ થઈ શકે..!!

અમદાવાદ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શાળાઓમાં ઓનલાઈન કલાસ શરૂ કરવા માટેની અપીલ બાદ રાજયમાં જુનથી શરૂ થતા શૈક્ષણીક વર્ષથી વર્ગોેલ ઓનલાઈન શરૂ કરવામાં આવે તેવી પ્રબળ શકયતા ઉભી થઈ છે. વડાપ્રધાનની અપીલ બાદ રાજયના શિક્ષણ વિભાગ દ્વારા આ દિશામાં કાર્યવાહી શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. કઈ રીતે તેનો અમલ કરવામાં આવે તે માટેના પ્રયાસો શરૂ કરાયા છે. જોકે હજુ શાળાઓ શરૂ થવાને એક માસ જેટલો સમય બાકી હોવાથી વિભાગ પાસે આ દિશામાં કામગીરી માટે પુરતો સમય હોવાનું જાણવા મળે છે. વડાપ્રધાને ગુજરાત મુલાકાત વખત તેમણે સંકટની સ્થિતીમાં ગુજરાતની શાળાઓને અપીલ કરી જુનથી રાજયની શાળાઓમાં ઓનલાઈન વર્ગો શરૂ કરવા અંગે વિભાગમાં કવાયતઃ કોરોના સમયની ટેવ મદદ કરશે હતી કે જયાં સુધી સંકટ હળવું ન થાય ત્યાં સુધી શાળાઓમાં ઓનલાઈન વર્ગો ચલાવવામાં આવે. વડાપ્રધાનની અપીલને રાજયના શિક્ષણ વિભાગે પણ ગંભીરતાથી લીધી હોવાનું જાણવા મળે છે. અને આ દિશામાં ત્વરીત કામગીરી શરૂ કરી દીધી હોવાનું જાણવા મળી રહયું છે. હાલમાં આ દિશામાં ચર્ચાઓ શરૂ કરી દેવામાં આવી છે. અને ઓનલાઈન વર્ગો શરૂ કરવામાં આવે તો તેનો અમલ કઈ રીતે કરવો તે અંગે વિચારણા કરાઈ છે. કોરોના સમયમાં રાજયની શાળાઓમાં ઓનલાઈન વર્ગો ચલાવવામાં આવ્યા હતા. જેના પગલે રાજયની શાળાઓ અને વિધાર્થીઓ બંને ઓનલાઈન વર્ગોથી વર્કસ લેવાથી રાજયમાં તેના અમલને લઈને મુશ્કેલીઓ પડે તેવી શકયતા ખુબ ઓછી જણાય છે. જોકે હાલમાં શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓમાં આ અંગેની ચર્ચામાં શરૂ થઈ છે. અને સંભવત મંગળવારથી રાજયના જિલ્લાઓમી તેને લઈને સુચનો મંગાવવામાં આવી શકે છે. આ ઉપરાંત, કોરોના પેટર્નનો જ અમલ કરવો કે કેમ તે દિશામાં પર વિચારણા થઈ શકે છે.

**મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે**
**મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/ mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી**












Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.